ખાનગી હોસ્પિટલની સિસ્ટમ હવે સરકારી તંત્રમાં કામે લગાવવામાં આવી

સયાજી હોસ્પિટલમાં હવે 'ટોકન સિસ્ટમ' શરૂ

અગાઉની વ્યવસ્થામાં ખામી તેમજ અવ્યવસ્થા ચાલુ રહેતા નવી સિસ્ટમથી સમયની બચત થશેનો દાવો કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી એવી વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દર્દીઓની સુવિધા અને ક્રાઉડ મેનેજમેન્ટ માટે એક અત્યંત સરાહનીય નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓ માટે ખાસ 'ટોકન સિસ્ટમ' શરૂ કરવામાં આવી છે, જેના કારણે હવે દર્દીઓએ કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવાની પીડામાંથી મુક્તિ મળશે. સયાજી હોસ્પિટલમાં ગુજરાત ઉપરાંત પાડોશી રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી પણ મોટી સંખ્યામાં દર્દીઓ દૈનિક ધોરણે સારવાર માટે પહોંચતા હોય છે. ઓપીડી અને દવા વિતરણ સમયે દર્દીઓ તથા તેમના પરિવારજનોની અસહ્ય ભીડ જામતી હતી. જેના કારણે દર્દીઓને લાંબો સમય રાહ જોવી પડતી અને અવારનવાર હોસ્પિટલના સ્ટાફ સાથે બોલાચાલી કે ઝઘડાના બનાવો પણ બનતા હતા. આ ગંભીર સમસ્યાને નિવારવા માટે હોસ્પિટલ તંત્ર દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થા અંગે હોસ્પિટલના નોડલ ઓફિસર કુકડિયાએ જણાવ્યું હતું કે, સરકારના માર્ગદર્શન હેઠળ ક્રાઉડ મેનેજમેન્ટ માટે તમામ સવલતો ઊભી કરવામાં આવી છે. જેમ આપણે પ્રાઇવેટ હોસ્પિટલ કે બેંકોમાં જઈને ટોકન લઈને બેસીએ છીએ અને ડિસ્પ્લે પર નંબર આવતા જઈએ છીએ, તેવી જ સમાન પદ્ધતિ હવે અમારી સરકારી હોસ્પિટલમાં શરૂ કરી દેવામાં આવી છે. દર્દીઓએ હોસ્પિટલમાં આવ્યા બાદ માત્ર ટોકન લઈને શાંતિથી બેસવાનું રહે છે. માઈક દ્વારા જાહેરાત કરવામાં આવે છે અને ડિસ્પ્લે સ્ક્રીન પર નંબર દેખાય ત્યારે જ દર્દીએ સંબંધિત કાઉન્ટર પર જવાનું હોય છે. આ પદ્ધતિ તદ્દન નવી હોવાથી શરૂઆતમાં થોડી ભીડ જોવા મળે છે, કારણ કે દર્દીઓને આ વ્યવસ્થાથી ટેવાતા થોડો સમય લાગશે. હોસ્પિટલ તંત્ર દ્વારા માઈક દ્વારા સતત સૂચનાઓ આપીને દર્દીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. તંત્રએ દર્દીઓ અને તેમના સ્વજનોને અપીલ કરી છે કે તેઓ સહકાર આપે, ટોકન લઈને પોતાના વારાની રાહ જુએ, જેથી દર્દથી પીડાતા દર્દીઓને ઊભા રહેવાની કે અનાવશ્યક પીડા સહન કરવાની જરૂર ન પડે અને સમગ્ર પ્રક્રિયા શિસ્તબદ્ધ રીતે પાર પડે. આ નવી વ્યવસ્થા આગામી દિવસોમાં દર્દીઓ અને તેમના પરિવારજનો માટે કેટલી અસરકારક સાબિત થાય છે અને કઈ હદ સુધી ભીડ નિયંત્રણમાં મદદરૂપ બને છે, તે સમય જ કહેશે, પરંતુ હાલ તો આ પગલાને સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

સવાર-સાંજ લોકોની ચહલ પહલથી ધમધમતો બગીચો સુમસામ બન્યો

સમા ડો.હેડગેવાર ઉદ્યાનમાં વાંદરાનો આતંક: ૧૦થી વધુ લોકોને બચકા ભર્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.31 વડોદરા શહેરમાં હાલ કપિરાજનો આતંક સામે આવ્યો છે. શહેરના સમા વિસ્તારમાં આવેલા ડો. હેડગેવાર ઉદ્યાન અને તેની આસપાસના રહેણાક વિસ્તારોમાં છેલ્લા સાત દિવસથી વાંદરાઓનો ભારે ત્રાસ જોવા મળી રહ્યો છે. હિંસક બનેલા વાંદરાઓના કારણે સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધોમાં ભયનો માહોલ સર્જાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વાંદરાઓએ અત્યાર સુધીમાં 10થી વધુ લોકોને બચકા ભરીને ઈજાગ્રસ્ત કર્યા છે. જેમાં શાકભાજી તથા ફ્રૂટ વેચતા વેપારીઓ અને મોર્નિંગ વોકમાં આવતા લોકોનો પણ સમાવેશ થાય છે. સૌથી ગંભીર ઘટના કદમ નગરમાં બની હતી. જ્યાં રહેતા 75 વર્ષના એક વૃદ્ધા

પર વાંદરાએ તેમના નિવાસસ્થાન પર જ પગના ભાગે હુમલો કર્યો હતો. આ હુમલામાં વૃદ્ધાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને આશરે 85 જેટલા ટાંકા લેવા પડ્યા હતા. આ ઉદ્યાનમાં દરરોજ સવારે 6:00 થી 9:00 વાગ્યા દરમિયાન વોકિંગ તેમજ યોગા માટે ત્રણ જેટલી અલગ-અલગ બેચ ચાલતી હતી. પરંતુ વાંદરાઓના ભયને કારણે લોકોએ ગાર્ડનમાં જવાનું ટાળ્યું છે. સવારના સમયે ધમધમતો આ બગીચો હવે વાંદરાઓના આતંકથી સુમસામ બની ગયો છે. સ્થાનિક રહીશો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમે આવીને વાંદરાઓને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હજી સુધી એક પણ વાંદરો પાંજરે પુરાયો નથી. વાંદરાઓ મુક્તપણે ફરતા હોવાથી ગમે ત્યારે મોટી હોનારત થવાની ભીતિ લોકોમાં સેવાઈ રહી છે. ત્યારે લોકોએ તંત્ર પાસે તાકીદે આક્રમક બનેલા કપિરાજોને પાંજરે પૂરીને વિસ્તારને ભયમુક્ત કરવા માંગણી કરી છે.

લોખંડની જાળીનો નકુચો તોડી તસ્કર ઘરમાં ઘૂસ્યો

આજવા રોડ પર બંધ મકાનને નિશાન બનાવી ૧.૯૮ લાખની ચોરી

સોના-ચાંદીના દાગીના અને રોકડની સાફ સૂફી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ વડોદરા શહેરમાં ચોરીની ઘટનાઓ વચ્ચે આજવા રોડ વિસ્તારમાં તસ્કરે મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ મળી રૂ.1.98 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાન માલિકે ફરિયાદ નોંધાવતા બાપોદ પોલીસે તસ્કરોનુ પગેરુ મેળવવા તજવીજ હાથ ધરી છે. આજવા રોડ પર આવેલા ચામુંડાનગર-2 સાંઈ શ્રદ્ધા સોસાયટી પાસે રહેતા લલીતાબેન દેવજીભાઈ પરમારના મકાનમાં તા. 26 ઓગસ્ટના બપોરે 12 વાગ્યાથી 28 ઓગસ્ટના રાત્રે 10 વાગ્યા દરમિયાન અજાણ્યો તસ્કર ઘૂસ્યો હતો. તસ્કરે મકાનના લોખંડની જાળીના દરવાજાનો નકુચો કોઈ સાધન વડે કાપી અથવા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં પ્રવેશ્યા બાદ તસ્કરે લોખંડની તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના રૂ.1.98 લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં લલીતાબેને બાપોદ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. બાપોદ પોલીસે ગુનો નોધી તસ્કરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનિય છે કે, વડોદરા શહેરમાં તસ્કરોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. થોડા દિવસ અગાઉ ખોડિયારનગર વિસ્તારમાં જીઓ પેટ્રોલપંપ પાસે આવેલા બંધ ફ્લેટમાં તસ્કરોએ હાથફેરો કરી રોકડ સહિતની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં આજવા રોડ વિસ્તારમાં મકાનને નિશાન બનાવી તસ્કરોએ ચોરીને અંજામ આપતા પોલીસની પેટ્રોલિંગ કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.

યુવાનને ખેંચ ઉપડતા સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા ખોડિયાર નગર પાસેના ચામુંડા નગરમાં રહેતા હિતેષભાઈ પુનમભાઈ હરિજન ઉંમર વર્ષ ૩૧ ને સોમવારે બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યાના સુમારે અચાનક ખેંચની બીમારીનો હુમલો આવવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરના સમયે અચાનક ખેંચ આવવાને કારણે હિતેષભાઈ જમીન પર પટકાયા હતા, જેના કારણે તેમના જમણા ખભાના ભાગે ઈજા પહોંચી હતી. આ અચાનક બનેલી ઘટનાથી પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી અને ભારે ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ, સમયસૂચકતા વાપરીને તાત્કાલિક ધોરણે તેમને શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબો દ્વારા યોગ્ય સારવાર શરૂ કરાતા યુવાનની હાલત સુધારા પર છે.

છાણી કેનાલ રોડથી સમા તરફ જતી વખતે બની ઘટના

છાણી વિસ્તારમાં પતંગના દોરાથી બાઈક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ શહેરમાં પતંગના ચાઈનીઝ કે નાયલોન દોરીનો ત્રાસ ફરી એકવાર જીવલેણ સાબિત થવા જઈ રહ્યો હતો. સોમવારના રોજ બપોરે ૨:૨૫ વાગ્યાના અરસામાં છાણી કેનાલ રોડ પરથી પસાર થઈ રહેલા ૩૬ વર્ષીય યુવક કેતનભાઈ બોરકર અચાનક પતંગના ઘાતક દોરાની ચપેટમાં આવી ગયા હતા. આ અકસ્માતમાં સદનસીબે તેમનો જીવ બચી ગયો છે, પરંતુ તેમને ગળા, માથા અને ડાબા પગમાં ઈજાઓ પહોંચી છે. મળતી માહિતી મુજબ, ૩૬ વર્ષીય કેતનભાઈ બોરકર સોમવારે બપોરે આશરે ૨:૨૫ વાગ્યે પંચમ હાઈટ્સ, છાણી કેનાલ રોડ પાસેથી પોતાના બાઈક પર સવાર થઈને સમા તરફ જઈ રહ્યા હતા. તેઓ રસ્તા પરથી સામાન્ય રીતે પસાર થઈ રહ્યા હતા, તે જ સમયે અચાનક હવામાં લટકી રહેલો પતંગનો

દોરો તેમના ગળાના ભાગમાં આવી ગયો હતો. આ અણધારી આફતને કારણે કેતનભાઈ ગભરાઈ ગયા અને ચાલુ બાઈક પરથી તેમનું સંતુલન સંપૂર્ણપણે બગડી ગયું હતું.

દોરાની ઘાતક ઈજા વચ્ચે જ તેઓ બાઈક સાથે રસ્તા પર નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે માર્ગ પર દોડધામ મચી ગઈ હતી અને સ્થાનિક લોકો તરત જ મદદે દોડી આવ્યા હતા. યુવકને માથાના ભાગે અને ડાબા પગમાં ગંભીર ઈજાઓ થઈ હોવાથી તાત્કાલિક ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની ટીમ દ્વારા કેતનભાઈને શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સદભાગ્યે, સમયસર સારવાર મળી જવાથી મોટી હોનારત ટળી છે અને હાલ કેતનભાઈ ભાનમાં છે તથા ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર તંત્રની કામગીરી સામે સવાલો ખડા કર્યા છે. શહેરમાં પતંગના પ્રતિબંધિત દોરાના વેચાણ અને વપરાશ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ પ્રબળ બની રહી છે,

વડસર રોડ પર કોતર તલાવડી તરફથી બનેલી ઘટના

ઘરનો દરવાજો બંધ કરતાં ઈકોના ચાલકે અડફેટે લેતા વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ મકરપુરા-વડસર રોડ વિસ્તારમાં આજે સવારે બનેલા અકસ્માતમાં ઘરની બહાર મેઈન ગેટ બંધ કરી રહેલા 62 વર્ષીય વૃદ્ધને ઈકો કારના ચાલકે ટક્કર મારતાં તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિને સારવાર માટે સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે સવારે 10:55 વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા.

મકરપુરા જીઆઈડીસી વિસ્તારમાં નંદીગ્રામ સોસાયટીમાં રહેતા હરીશભાઈ નિંબાજીભાઈ સોની (ઉ.વ. 62) કલાલી સ્થિત કાન્હા સોસાયટીમાં એડમિનિસ્ટ્રેટર મેનેજર તરીકે નોકરી કરતા હતા. આજે સવારે આશરે ૮:15 વાગ્યે તેઓ પોતાના ઘરેથી નોકરી પર જવા માટે નીકળ્યા હતા. તેઓ ઘરની બહારનો મેઈન ગેટ બંધ કરી રહ્યા હતા ત્યારે કોતર તલાવડી તરફથી વડસર રોડ તરફ આવી રહેલી ઈકો કારે તેમને અડફેટે લીધા હતા. અકસ્માતમાં હરીશભાઈ રોડ પર પટકાઈ જતાં બેભાન થઈ ગયા હતા. બનાવની જાણ થતાં પુત્ર સહિત પરિવારજનો અને પાડોશીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પાડોશીની કાર મારફતે તેમને તાત્કાલિક સનશાઈન ગ્લોબલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે સવારે 10:55 વાગ્યે હરીશભાઈને મૃત જાહેર કર્યા હતા. અકસ્મિક મોત અંગે પોલીસ ફરિયાદ નોંધાવવા પરિવારજનો પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે અકસ્માત કરનાર ઈકો કારનો ચાલક હિતેન્દ્રસિંહ વિજયસિંહ પરમાર (રહે. તુળજાનગર-01, કોતર તલાવડી, અલવાનાકા, માંજલપુર) પોલીસ સ્ટેશન ખાતે હાજર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી મૃતકના પુત્ર નિર્મળભાઈ સોનીએ ચાલક વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી હતી .જેથી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એમ્બ્યુલન્સ સેવાઓ પણ મુશ્કેલીમાં મૂકાઇ જતાં હાલાકી

સયાજી હોસ્પિટલ પરિસરમાં અસ્ત વ્યસ્ત પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા

હોસ્પિટલની સુરક્ષા માટે ત્રણ શિફ્ટમાં માત્ર ૧૬૯ સિક્યુરિટી ગાર્ડ તૈનાત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ શહેરની સૌથી મોટી અને પ્રખ્યાત સરકારી સયાજી હોસ્પિટલ માંથી એક અત્યંત ગંભીર બેદરકારી સામે આવી છે. હોસ્પિટલ પરિસરમાં અનિયંત્રિત અને અસ્તવ્યસ્ત પાર્કિંગના કારણે દર્દીઓ, તેમના સગાંસંબંધીઓ તેમજ ખુદ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સેવાઓ ગંભીર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. અંદાજે ૩૭ એકડ જેટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલી આ હોસ્પિટલમાં દૈનિક ધોરણે હજારો દર્દીઓ સારવાર અર્થે આવે છે. જો કે, હાલ આ હોસ્પિટલ કેમ્પસ દર્દીઓની સુવિધા કરતા વાહનોના ભારે ટ્રાફિક જામ અને અરાજકતા માટે વધુ ચર્ચાનો વિષય બન્યો છે. નિયમો બનાવનાર અને તેનું પાલન કરાવનાર જવાબદારો જ ખુલ્લેઆમ નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. હોસ્પિટલની સુરક્ષા માટે ત્રણ શિફ્ટમાં માત્ર ૧૬૯ સિક્યુરિટી ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. પરંતુ આટલી મર્યાદિત સંખ્યા હોવા છતાં ગાર્ડ્સ પોતાના નિયત સ્થળે હાજર ન રહેતા પરિસ્થિતિ વધુ વણસી રહી છે. હોસ્પિટલ

પરિસરમાં લગાવેલા 'નો પાર્કિંગ' ના બોર્ડ માત્ર શોભાના ગાંઠિયા સાબિત થઈ રહ્યા છે. સૌથી ચોંકાવનારી વાત તો એ છે કે ઈમર્જન્સી વિભાગ પાસે, જ્યાં દર્દીઓ ભરેલી એમ્બ્યુલન્સ તાકીદે પહોંચતી હોય છે, ત્યાં જ નો-પાર્કિંગ ઝોનમાં એમએલઓ સહિત તબીબો અને ઉચ્ચ અધિકારીઓ પોતાના વાહનો આડેધડ પાર્ક કરી રહ્યા છે. ન્યૂ સર્જીકલ વોર્ડ પાસે આવેલા રિક્ષા સ્ટેન્ડમાં પણ રીતસરની અરાજકતા જોવા મળી રહી છે. રિક્ષાઓના અસ્તવ્યસ્ત પાર્કિંગને કારણે ઈમર્જન્સી સેવાઓને માર્ગ મળવો અત્યંત મુશ્કેલ બની જાય છે. ગંભીર પરિસ્થિતિમાં આવતા દર્દીઓની જિંદગી મિનિટોના વિલંબથી જોખમમાં મુકાઈ શકે છે, છતાં તંત્ર ઘોર નિંદ્રામાં છે.

૩.૭.૩૩ લાખનો મુદ્દામાલ કબજે

LCBની ટીમે દેણા બ્રિજ પાસેથી દારૂ ભરેલી પીકઅપ ઝડપી પાડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ વડોદરા શહેર એલસીબી ઝોન-4ની ટીમે દેણા બ્રિજ પાસેથી દારૂ ભરેલી મહિન્દ્રા પીકઅપ ઝડપી પાડી હતી. વાહનની નંબર પ્લેટ નીચે ખાસ બનાવેલા ચોરખાનામાં સંતાડેલા વિદેશી દારૂના 921 ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી દારૂ, મોબાઈલ ફોન અને પીકઅપ સહિત કુલ રૂ.7.33 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગોલ્ડન ચોકડી પાસે એલસીબી ઝોન-4પોલીસને બાતમી મળી હતી કે મહિન્દ્રા પીકઅપમાં વિદેશી દારૂનો જથ્થો ભરી દેણા ચોકડી તરફ આવવાનો છે. બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે દેણા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન આશરે 10:15 વાગ્યે બાતમીવાળી પીકઅપ આવતા પોલીસે તેને કોર્ડન કરી રોકી હતી. ડ્રાઈવર તરીકે હાજર અમિન ગફારભાઈ કાબરા (રહે. બિલખા, તા.જી. જૂનાગઢ)ને નીચે ઉતારી તપાસ કરતાં વાહનની નંબર પ્લેટ નીચે ચોરખાનું બનાવેલું મળી આવ્યું હતું. ચોરખાનું ખોલીને તપાસ કરતાં તેમાં વિદેશી દારૂનો 2.29 લાખનો જથ્થો મોબાઈલ ફોન રૂ.3 હજાર અને મહિન્દ્રા બોલેરો પીકઅપ રૂ.5 લાખ મળી રૂ.7.33 લાખનો મુદ્દામાલ કરજે કરવામાં આવ્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે દારૂનો જથ્થો મધ્યપ્રદેશના સપકલા ખાતે રહેતા રમેશભાઈએ ભરી આપ્યો હતો અને આ જથ્થો રફીકને ગઢડા ખાતે પહોંચાડવાનો હતો. એલસીબી ઝોન-4 પોલીસે પકડાયેલા આરોપી અમિન ગફાર કાબરા તેમજ દારૂ ભરી આપનાર અને મંગાવનાર સહિત અન્ય સંડોવાયેલા શખ્સો સામે વધુ તપાસ હાથ ધરી છે.

અફરાતફરી સર્જાતા મકરપુરા પોલીસ દોડી આવી

મુસ્લિમ શાકભાજીના વેપારીએ હિન્દુ યુવતીને લાફો મારતા વિવાદ વકર્યો

કડક કાર્યવાહીની માગ સાથે બજરંગ દળ દ્વારા સ્થળ પર રામધૂન કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ તરસાલી-દિવાળીપુરા વિસ્તારમાં આવેલા શાકભાજી માર્કેટમાં મુસ્લિમ શાકભાજીના વેપારીએ હિન્દુ યુવતીને લાફો માર્યો હોવાના આક્ષેપને પગલે વિવાદ ઉગ્ર બન્યો હતો. યુવતીને લાફો મારવામાં આવતાં મામલો ગરમાયો હતો અને બંને પક્ષના લોકો સામસામે આવી જતાં મારામારીની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં મકરપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. તરસાલી વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ જતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસ દ્વારા સ્થળ પર પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. દરમિયાન, ઘટનાની જાણ થતાં બજરંગ દળના સભ્યો પણ સ્થળ પર પહોંચ્યા હતા અને યુવતીને લાફો મારનાર શાકભાજીના વેપારી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ દરમિયાન સ્થળ પર રામધૂન શરૂ કરવામાં આવતાં મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો હતો. સમગ્ર ઘટનાને પગલે યુવતીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે યુવતીની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અચાનક ઉલટીઓ થતાં વડુ દવાખાને ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા

શાનપુર ગામે ખેતરમાં દવાનો છંટકાવ કરતાં ખેડૂતનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ પાદરા તાલુકાના શાનપુર ગામમાં ખેતરમાં કપાસના પાકમાં દવાનો છંટકાવ કર્યા બાદ એક 50 વર્ષીય આધેડની તબિયત અચાનક લથડી જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતની નોંધ કરી પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ શાનપુર ટેકરા ફળિયામાં રહેતા નિરવતસિંહ સરદારસિંહ સોલંકી (ઉ.વ. 50) તા. 29 ઓગસ્ટના રોજ પોતાના ખેતરમાં કપાસના પાકમાં દવાનો છંટકાવ કરવા માટે ગયા હતા. દવાનો છંટકાવ કર્યા બાદ સાંજના આશરે સાત વાગ્યાના અરસામાં તેઓ ઘરે પરત ફર્યા હતા. ઘરે આવ્યા બાદ જમી પરવારીને બેઠા હતા ત્યારે અચાનક તેમને ઉલટીઓ થવા લાગી હતી. પરિવારજનો દ્વારા તાત્કાલિક તેમને સારવાર માટે વડુ દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન રાત્રિના આશરે 10 વાગ્યે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પરિવારજનો દ્વારા વડુ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જમવા બાબતે ઠપકો મળતાં કિશોરીએ ઝેરી દવા પીધી

પાદરા તાલુકાના આભોર ગામના પાવડીયા ફળિયામાં રહેતી પાયલબેન લક્ષ્મણભાઈ ગોપાલભાઈ જાદવ (ઉં.વ. 16) ને તેના માતા-પિતાએ જમવાનું બનાવવા બાબતે ઠપકો આપ્યો હતો. આ બાબતનું કિશોરીને મનમાં લાગી આવતા તેણે પોતાના ઘરે કથિત રીતે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો દ્વારા કિશોરીને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

કોન્ટ્રાક્ટરોના પાપે સ્વચ્છતા અભિયાન નિષ્ફળ જવાની ભીતી, કચરો વેચવાનો ગંભીર આક્ષેપ

પશ્ચિમ ઝોનમાં ડોર-ટુ-ડોર કચરા સંગ્રહમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને અનિયમितता

મ્યુનિસિપલ કમિશનરને આવેદન આપી કોન્ટ્રાક્ટ રદ કરવા અને કડક દંડ ફટકારવાની માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં નાગરિકોના આરોગ્ય અને સ્વચ્છતા જાળવવા માટે પશ્ચિમ વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરા સંગ્રહની કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ પાલિકાના આ ઉત્તમ પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે પશ્ચિમ ઝોનના ડોર-ટુ-ડોરના કોન્ટ્રાક્ટરો સક્રિય હોય તેમ જણાઈ રહ્યું છે. આ મામલે વડોદરા સિટી યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તાએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી

પશ્ચિમ ઝોનમાં ચાલતી ગેરરીતિઓ સામે લાલ આંખ કરી છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે.

યુથ કોંગ્રેસ દ્વારા રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે કોન્ટ્રાક્ટની શરતો મુજબ ગાડીઓમાં ભીનો અને સૂકો કચરો અલગ-અલગ એકત્ર કરવાનો હોય છે, ડ્રાઈવર તથા હેલ્પરે પાલિકા માન્ય જેકેટ પહેરેલું હોવું જોઈએ, ગાડીની બહાર કોઈપણ પ્રકારના પ્લાસ્ટિક કે અન્ય થેલા લટકાવેલા હોવા જોઈએ નહીં, ડ્રાઈવર ૧૮ વર્ષથી વધુ ઉંમરનો અને લાયસન્સ ધરાવતો હોવો જોઈએ તેમજ ગાડીમાં નાના બાળકો ન હોવા જોઈએ અને કચરો નિર્ધારિત જગ્યાએ જ ખાલી કરવાનો હોય છે. પરંતુ પશ્ચિમ ઝોનના કોન્ટ્રાક્ટર દ્વારા આમાંથી કોઈપણ નિયમનું પાલન કરવામાં આવી રહ્યું નથી. નિયત કરેલી ગાડીઓ કરતાં ઓછી ગાડીઓ રૂટ પર ચલાવવામાં આવે છે અને એકત્રિત કચરાનો વ્યાપાર લોકલ વેપારીઓને વેચીને કરવામાં આવતો હોવાની ચોંકાવનારી બાબત પણ સામે આવી છે.

આથી, યુથ કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને ત્વરિત ધોરણે આ બાબતની તપાસ કરી પશ્ચિમ ઝોનના કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ રદ કરવા અને યોગ્ય દંડ ફટકારવાની ઉગ્ર અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

સોની પાસે તપાસ કરતા તમામ બાબતો ખુલી પડી

ભત્રીજીએ રૂ.૫.૧૫ લાખની મતાની ચોરી કરતાં ચકચાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ મૂળ યુપીના અને હાલમાં ગોરવા વિસ્તારમાં આવેલા શિવમ ફ્લેટમાં રહેતા મીરાબેન રામઆસરે સિંગે નોધાવેલી ફરિયાદ મ મુજબ, તા.4 જાન્યુઆરી, 2024ના રોજ મીરાબેન પોતાના પરિવાર સાથે શિરડી દર્શન કરવા ગયા હતા. પરત ફરતી વખતે સાપુતારા ઘાટ પાસે અકસ્માત થતાં તેમની દીકરી, જમાઈ, પૌત્રી અને સાસુનું મૃત્યુ થયું હતું. બાદમાં દીકરીના સાસરી પક્ષ તરફથી મળેલા સોના-ચાંદીના દાગીના તેમણે પોતાના ઘરની કબાટની તિજોરીમાં કાળા રંગના પાકીટમાં સાચવીને રાખ્યા હતા. પતિના ભાઈની દીકરી શ્રેયા અવારનવાર તેમના ઘરે આવતી-જતી હતી. વર્ષ 2025માં પતિ સાથે અણબનાવ થતાં શ્રેયા તેમના ઘરે રહેવા આવી હતી અને પરિવાર તેને દીકરીની જેમ રાખતો હતો. તા.16 જૂનના રોજ ઘર સાફ કરતી વખતે મહિલા અને શ્રેયાએ તિજોરીમાં રાખેલા દાગીના જોયા હતા. ત્યારબાદ તા.8 જુલાઈના રોજ શ્રેયા પોતાની મરજીથી ઘર છોડીને લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેવા જતી રહી હતી. જોકે તે બાદ પણ અવારનવાર તેમના ઘરે આવતી હતી. તા.26 ઓગસ્ટે તેઓ વતન જવા માટે દાગીના લેવા તિજોરી ખોલતા દાગીના ગાયબ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તિજોરીમાં માત્ર દાગીના રાખવાના બોક્સ મળી આવ્યા હતા. મીરા બેને અગાઉ શ્રેયા સાથે જતાં આવતા ગોરવા ગામના પિયુષ જવેલર્સમાં તપાસ કરતાં દુકાનદારે આશરે 20 દિવસ પહેલાં શ્રેયા દાગીના વેચવા માટે આવી હોવાનું જણાવ્યું હતું, જોકે દુકાનદારે દાગીના ખરીદ્યા ન હતા. ત્યારબાદ શ્રેયાને ફોન કરતાં તેણે સોનાના દાગીના 101 ગ્રામ, કિંમત રૂ.5 લાખ, તેમજ 20 ગ્રામની ચાંદીની પાયલ, કિંમત રૂ.15 હજાર મળી રૂ.5.15 લાખના દાગીના ચોરી દાગીના ચોરી કર્યાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.